પેજ 3

અનિરુદ્ધ-કાવ્યાના રિસેપ્શનમાં સીએમ વિજય અને સ્ટાલિન સહિતના મહાનુભાવો પહોંચ્યા



ચેન્નાઇ, તા. 21: સંગીતકાર અને ગાયક અનિરુદ્ધ રવિચંદર અને સનરાઇઝર્સ હૈદરાબાદના સહ-માલિક/સીઇઓ કાવ્યા મારન આજે (21 નવેમ્બર, 2026) ચેન્નાઇની આઇટીસી ગ્રાન્ડ ચોલા ખાતે તેમના લગ્નનું રિસેપ્શન યોજી રહ્યા છે. આ રિસેપ્શન પહેલાં 11 નવેમ્બરના રોજ ગ્રીસમાં તેમનાં લગ્ન થયાં હતાં. પ્રી-વેડિંગ ઉજવણી 10 નવેમ્બરથી શરૂ થઈ હતી. સાંજના આ સમારોહ પહેલાં અભિનેતા દંપતી સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરી તેમજ ક્રિકેટ જગતના દિગ્ગજો કેન વિલિયમસન, ડેનિયલ વેટોરી અને ડેલ સ્ટેન તેમના પરિવાર સાથે ચેન્નાઇ પહોંચ્યા હતા. રિસેપ્શન પહેલાં 36 વર્ષીય અનિરુદ્ધે 34 વર્ષીય કાવ્યા સાથેની ઉજવણીની તાજી તસવીરો ઇન્સ્ટાગ્રામ પર શેર કરી હતી, જેમાં રજનીકાંત, એમ.કે. સ્ટાલિન અને કાવ્યાના પિતા (સન ટીવી નેટવર્કના ચેરમેન) કલાનિધિ મારન સાથેની ખાસ ક્ષણો જોવા મળી હતી.

'રામાયણ' ફિલ્મ પર પ્રતિબંધ મૂકવા VHPની સરકારને વિનંતી



નવી દિલ્હી, તા. 21 (પીટીઆઇ): વીએચપીએ શનિવારે જણાવ્યું હતું કે, તે 'રામાયણ' ફિલ્મના પ્રદર્શન પર પ્રતિબંધ મૂકવા માટે સરકારને વિનંતી કરશે. સંગઠને આરોપ લગાવ્યો છે કે, આ ફિલ્મમાં મહાકાવ્યની ઘટનાઓને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી છે, મનઘડંત પ્રસંગો ઉમેરવામાં આવ્યા છે અને હિન્દુઓની ધાર્મિક માન્યતાઓ પર પ્રહાર કરવામાં આવ્યો છે. આરએસએસ સાથે સંકળાયેલું આ સંગઠન સિનેમેટોગ્રાફ એક્ટ હેઠળ ફિલ્મના સેન્સર સર્ટિફિકેટને પડકારવું કે કેમ તે અંગે પણ વિચારણા કરી રહ્યું છે. વીએચપીના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારે જણાવ્યું હતું કે, આ ફિલ્મ માત્ર નાટકીય તત્ત્વો ઉમેરવાનો પ્રયાસ નથી, પરંતુ રામાયણના પાયામાં રહેલા મૂલ્યો પરનો હુમલો છે. કુમારે કહ્યું, "અમે તાજેતરમાં 'રામાયણ' શીર્ષક હેઠળ રિલીઝ થયેલી ફિલ્મ જોઈ અને તેની સમીક્ષા કરી છે અને અમને તેના પર વાંધો છે. તેમાં ઘટનાઓને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી છે અને મનઘડંત પ્રસંગો ઉમેરવામાં આવ્યા છે." કુમારે કહ્યું કે, ભગવાન રામે સમાજના વિવિધ વર્ગો સાથે જોડાવા માટે 14 વર્ષ વનમાં વિતાવ્યા, તપસ્વીનો વેશ ધારણ કર્યો અને ખુલ્લા પગે ચાલ્યા. તેઓ માતા અહલ્યાના આશ્રમમાં પણ ગયા અને તેમનું સન્માન પુનઃસ્થાપિત કર્યું. કુમારે ભારપૂર્વક જણાવ્યું કે, ભગવાન રામ અને ભરતે નિષાદરાજને મિત્ર તરીકે સંબોધ્યા હતા અને તેમને પોતાની નજીક સ્થાન આપ્યું હતું, જેનાથી એવો સંદેશ આપવામાં આવ્યો હતો કે, જાતિઓ વચ્ચે કોઈ અસ્પૃશ્યતા કે ઊંચ-નીચના ભેદભાવ નહોતા.

સા રે ગ મ

અનિલ આનંદ

ડોક્ટર બનેલા નેતાજીની મનમાની



પોતાની મનમાની ચલાવનાર શક્તિશાળી રાજકીય નેતાઓ સિવાય આવું બીજું કોણ કરી શકે? એક ક્ષણ માટે તો એ વાત પણ વાજબી ઠેરવી શકાય કારણ કે તેઓ કાયદા ઘડનારા છે. પરંતુ જો તેઓ સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમસ્યા કે બાબતમાં પણ અંતિમ નિર્ણાયક બની જાય તો શું થાય? દરેક ક્ષેત્રમાં નિષ્ણાત હોવાનો દાવો કરનારા આ રાજકીય નેતાઓ તબીબી અને આરોગ્ય સહિત દરેક વિષયમાં પોતાની 'વિદ્વતા'નું પ્રદર્શન કરતા હોય છે. ભલેને તેમને તે વિષયનું રજમાત્ર પણ જ્ઞાન ન હોય. પરંતુ આખરે તો તેઓ ખુદને માનનીય 'સર્વજ્ઞ' નેતા માને છે. તેથી, તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી જ્યારે એક શક્તિશાળી રાજકીય નેતાએ પોતાના ડોક્ટરોની સલાહને અવગણીને પોતે જ સારવારની પદ્ધતિ સૂચવી. આ વાત કદાચ અવિશ્વસનીય લાગે, પરંતુ તે હકીકત છે. ડોક્ટરની કેવી કફોડી હાલત થઈ હશે તેની તો કલ્પના જ કરવી રહી. આશ્ચર્યની વાત એ છે કે, અહીં જે સંસદસભ્ય નેતાની વાત થઈ રહી છે, તેઓ પોતે પણ પીએચડીની પદવી ધરાવતા 'ડોક્ટર' છે. કદાચ આ પદવીને કારણે જ તેમને આવો અધિકાર મળ્યો હોવાની લાગણી થઈ હશે. દાંતની એક સમસ્યા માટે ડોક્ટરની સલાહ લેવા જતાં દંત ચિકિત્સકે તેમને દાંત કઢાવી નાખવાની સલાહ આપી હતી, પરંતુ દંત ચિકિત્સકના આશ્ચર્ય વચ્ચે આ સાંસદે તેના બદલે રૂટ-કેનાલ સારવાર કરવાનો આગ્રહ રાખ્યો. દાંતના દુખાવાની ફરિયાદ સાથે આ સાંસદ સંસદના આરોગ્ય કેન્દ્રમાં ગયા હતા. જોકે, એ અલગ વાત છે કે તેમણે ડોક્ટરની સલાહ માનવાનો ઇનકાર કરી દીધો હતો.

રાજકારણના અજીબોગરીબ સમીકરણો



રાજકારણ કેટલી વાર અજીબોગરીબ પરિસ્થિતિઓ બની જતી હોય છે! આ વાત કોઈ જાણતું નથી, ખુદ તેમાં સામેલ લોકો પણ નહીં. વિરોધી ધ્રુવો (વિરોધ પક્ષો) ક્યારે અને ક્યાં એક થઈ જાય, તે ફક્ત રાજકારણમાં જ શક્ય છે. ક્યારેક ચૂંટણીમાં વિજય અથવા પરાજય આવા વિરોધી ધ્રુવોને એકસાથે આવવાની અથવા એક જ મંચ શેર કરવાની તક પૂરી પાડે છે. ભલે પછી આ બધું માત્ર જનતાને દેખાડવા માટે જ હોય અને તેમાં તેઓના હૃદયનું મિલન નથી હોતું. મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક વિજય મેળવ્યા બાદ પોતાના જ ગઢમાં મોટો આઘાત સહન કર્યા પછી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈમાં એક અલગ જ સૂર રેલાવ્યો અને પોતાના રાજકીય કટ્ટર હરીફ એવા ઠાકરે પિતરાઈ ભાઈઓ – ઉદ્ધવ અને રાજ સાથે મંચ શેર કર્યો. આ મેળાવળામાં મુખ્ય કડી એક પુસ્તકનું લોકાર્પણ બની રહી, જે પુસ્તક મહારાષ્ટ્રમાં રાજકીય કાર્ટૂનના ઇતિહાસને દર્શાવતું હતું. ફડણવીસે આ મંચનો ઉપયોગ પોતાના બે રાજકીય હરીફો પ્રત્યે આત્મીયતા પ્રદર્શિત કરવા માટે કર્યો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકારણમાં પ્રવેશતા પહેલા શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરે પણ એક કુશળ કાર્ટૂનિસ્ટ હતા.

કેરળ લોકભવનમાં ભાષા-ભોજનનો વિવાદ



શાકાહારી ભોજનથી લઈને હિન્દી ભાષાના ઉપયોગ સુધી... આ એ નવો એજન્ડા છે જે કેરળના નવા રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરે તિરુવનંતપુરમ સ્થિત લોક ભવનના સ્ટાફને સોંપ્યો છે. માથુરે લોક ભવનમાં પ્રવેશ્યાની સાથે જ કોઈ પણ સમય બગાડ્યા વિના કોઈ પણ કારણોસર ચર્ચામાં રહેવાની કળામાં મહારત હાંસલ કરી લીધી હોય તેવું લાગે છે. પહેલી વાત તો એ હતી કે લોક ભવનના રસોડાને શાકાહારી બનાવવાનો આદેશ આપવામાં આવ્યો અને હવે તાજેતરનો વિવાદ કાર્યાલયમાં વાતચીતની મુખ્ય ભાષા તરીકે હિન્દી લાગુ કરવાને લઈને ઊભો થયો છે. એવી ચર્ચાઓ ચાલી રહી છે કે, જે વહીવટી અધિકારીઓ દરરોજ રાજ્યપાલ સાથે પત્રવ્યવહાર કે સંપર્ક કરે છે, તેમને પોતાની 'રાજ ભાષા' (હિન્દી)ની કુશળતા ઝડપથી સુધારવા માટે ફરજ પાડવામાં આવી છે.



■ કેનેડાના ઓન્ટારિયોમાં લેવામાં આવેલી આ તસવીરમાં, ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ શિયાળુ આતશબાજીના પ્રદર્શન દરમિયાન ફટાકડાની રોશનીથી નાયગ્રા ધોધ ઝળહળી ઉઠેલો જોઇ શકાય છે.

ટ્રમ્પે પોતાના સંભવિત અનુગામી તરીકે વાન્સ અને રૂબિયોને રજૂ કર્યા

ટ્રમ્પે ઉપપ્રમુખ અને વિદેશ મંત્રી - બંનેને વ્હાઇટ હાઉસમાં એક પત્રકાર પરિષદમાં પોતાની સાથે હાજર રાખીને જાહેર ઓડિશન યોજી દીધું



વોશિંગ્ટન, તા. ૨૧(એપી): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઇટ હાઉસના પ્રેસ બ્રીફિંગ રૂમમાં એકઠા થયેલા પત્રકારોને સંબોધી રહ્યા હતા, ત્યારે ૯૦ મિનિટ સુધી વિદેશ મંત્રી અને ઉપપ્રમુખ–જેઓ બંને ૨૦૨૮ના સંભવિત પ્રમુખ પદના દાવેદાર છે–એકસરખા પોશાકમાં, ટ્રમ્પથી માત્ર એક હાથના અંતરે, લગભગ ખભેખભા મિલાવીને ઊભા રહ્યા હતા.

પોતાના કાર્યકાળના અંતિમ બે વર્ષની નજીક પહોંચી રહેલા પ્રમુખ અને ભૂતપૂર્વ રિયાલિટી ટેલિવિઝન સ્ટાર ટ્રમ્પ પોતાના સંભવિત ઉત્તરાધિકારીઓ માટે જે 'જાહેર ઓડિશન' ગોઠવવામાં આનંદ અનુભવે છે, શુક્રવારની આ ઘટના તેનો જ એક નવીનતમ ભાગ હતી. થોડા મહિના પહેલાં આ જ રૂમમાં, રુબિયો અને વાન્સ બંનેએ વારાફરતી વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરીની ભૂમિકા ભજવીને પ્રમુખનો બચાવ કર્યો હતો અને તેમના એજન્ડાનો પ્રચાર કર્યો હતો. પ્રમુખ જાહેર અને ખાનગી સભાઓમાં લોકોને આ બંને નેતાઓ અંગેના તેમના અભિપ્રાય પૂછવા માટે પણ જાણીતા છે.

વાન્સ અને રુબિયોનું કહેવું છે કે તેઓ સારા મિત્રો છે અને આગામી પ્રમુખની ચૂંટણીમાં તેઓ ઝંપલાવશે કે કેમ તે અંગે બંનેએ અત્યાર સુધી મૌન સેવ્યું છે. રુબિયોએ તો એમ પણ કહ્યું છે કે જો વાન્સ ચૂંટણી લડશે, તો તેઓ પોતે નહીં લડે. તેમ છતાં, ટ્રમ્પના ઉત્તરાધિકારી તરીકે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર બનવાની રેસ ધીમે ધીમે ગરમાઈ રહી છે, જેમાં વાન્સ અને રુબિયોને સૌથી પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. ટ્રમ્પે એક પછી એક બંનેને પોડિયમ પર બોલાવ્યા, અને રૂમમાં હાજર ડઝનબંધ પત્રકારો પર તેમની વાતોની કેવી અસર પડે છે તે જોવા માટે ટ્રમ્પ વારંવાર તેમના તરફથી પ્રેક્ષકો તરફ નજર ફેરવી રહ્યા હતા.

ઓનલાઈન મંગાવેલી ફેરનેસ ક્રીમથી 17 વર્ષીય તરૂણીને કિડનીની ગંભીર બીમારી

કેરળની એક છોકરીએ ઇન્સ્ટાગ્રામ પર ઇન્ફ્લુએન્સરોના પ્રમોશનલ વીડિયો જોયા પછી ખીલ, કાળા ડાઘ દૂર કરવા માટેની ક્રિમ ઓનલાઇન મંગાવી હતી, કેટલોક સમય આ ક્રિમ વાપર્યા બાદ પગમાં સોજા સહિતની તકલીફો ચાલુ થઇ

ડોક્ટરોએ તપાસ કરતા તેને કિડનીમાં તકલીફ જણાઇ, જે પેલી ક્રિમમાં પારાના અત્યંત ઉંચા સ્તરને કારણે થઇ હોવાનું જણાયું

મલપ્પુરમ(કેરળ), તા. ૨૧(પીટીઆઈ): સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ દ્વારા કરવામાં આવેલા પ્રચાર બાદ ઓનલાઈન ખરીદવામાં આવેલી ફેરનેસ ક્રીમનો ઉપયોગ કર્યા પછી ૧૭ વર્ષીય તરૂણીને કિડનીની ગંભીર બીમારી થઈ હોવાનું તેની સારવાર કરી રહેલા ડોક્ટરોએ શનિવારે જણાવ્યું હતું.

મીડિયા અહેવાલો બાદ કેરળ રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગે આ મામલે સ્વતઃ સંજ્ઞાન લઈને કેસ નોંધ્યો છે. મલપ્પુરમની એસ્ટર મિમ્સ મધર હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા અનુસાર, ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુએન્સર્સના પ્રમોશનલ વીડિયો જોયા પછી આ તરૂણીએ આ ક્રીમ ઓર્ડર કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ ક્રીમ ખીલ, કાળા ડાઘ અને પિગમેન્ટેશન દૂર કરી શકે છે. છોકરીએ પત્રકારોને જણાવ્યું હતું કે તેણે ઈન્સ્ટાગ્રામ પર આપવામાં આવેલા વોટ્સએપ નંબર દ્વારા વેચનારનો સંપર્ક કર્યો હતો અને પ્રોડક્ટ ઓર્ડર કરી હતી. શરૂઆતમાં તેને આ ક્રીમ અસરકારક લાગી હતી અને તેણે એક વર્ષના સમયગાળામાં તેની બીજી ઘણી બોટલો ઓર્ડર કરી હતી. તરૂણીએ જણાવ્યું કે ત્યારબાદ તેને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ થવા લાગી, જેમાં બ્લડ પ્રેશરમાં અચાનક ઘટાડો થવો અને બેભાન થઈ જવું સામેલ હતું. તેના પગમાં સોજા પણ આવી ગયા હતા, જેના કારણે તેના માટે ચાલવું અને દાદર ચડવા મુશ્કેલ બની ગયા હતા, ત્યારબાદ તે હોસ્પિટલમાં સારવાર માટે પહોંચી હતી. તરૂણીની સારવાર કરી રહેલા નેફ્રોલોજિસ્ટ ગૌરી એસ. એ પત્રકારોને જણાવ્યું હતું કે વિગતવાર તબીબી તપાસમાં તેના લોહી અને શરીરમાં પારા(મર્ક્યુરી)નું જોખમી રીતે ઊંચું સ્તર જોવા મળ્યું હતું.

ડોક્ટરે જણાવ્યું હતું કે ક્રીમ પર કરવામાં આવેલા પરીક્ષણોમાં સામાન્ય માન્ય સ્તર(૧ પીપીએમ કરતા ઓછું)ની સામે પારાનું સ્તર ૧૨,૫૦૦ પાર્ટ્સ પર મિલિયન(ppm) હોવાનું બહાર આવ્યું છે. તેમણે કહ્યું કે તપાસના તારણો દર્શાવે છે કે પારો ધરાવતી આ પ્રોડક્ટના કારણે જ કિડનીની આ બીમારી થઈ છે. તરૂણીએ જણાવ્યું કે તેણે સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે કંપનીને જાણ કરી હતી પરંતુ કોઈ હકારાત્મક પ્રતિસાદ મળ્યો ન હતો. તરૂણીના પરિવારે ગ્રાહક અદાલત સમક્ષ કંપની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તેઓ કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા હોવાથી તેમણે ક્રીમનું નામ જાહેર કર્યું નથી.

દોઢ સદીથી વણઉકેલાયેલા ગણિતના એક જાણીતા કોયડાને એઆઇથી ઉકેલાયો

હોલી ગ્રેલ ઓફ મેથેમેટિક્સ તરીકે જાણીતા 'રીમાન હાઇપોથીસિસ'નો ઉકેલ કોઇને મળતો ન હતો

આનો ઉકેલ ક્લોડની મદદથી મળી ગયો હોવાનો લેવેન્ટ અલ્પોગનો દાવો, થોડા જ મહિનામાં આવો બીજો દાવો

વોશિંગ્ટન, તા.૨૧: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) ક્ષેત્રની દિગ્ગજ કંપની 'એન્થ્રોપિક' માટે કામ કરતા એક ગણિતશાસ્ત્રીએ દાવો કર્યો છે કે તેમણે કંપનીના AI ટૂલ 'ક્લોડ'ની મદદથી ગણિતના હોલી ગ્રેલ તરીકે જાણીતા અને લાંબા સમયથી વણઉકેલાયેલા રહેલા કોયડાનો ઉકેલ શોધી કાઢ્યો છે.

તાજેતરના મહિનાઓમાં આ બીજી વખત બન્યું છે જ્યારે કોઈ AI કંપની અથવા તેની સાથે સંકળાયેલી વ્યક્તિએ ગણિતની કોઈ પ્રખ્યાત વણઉકેલાયેલી સમસ્યાનો ઉકેલ લાવવાનો દાવો કર્યો હોય. કંપનીના ટેકનિકલ સ્ટાફના સભ્ય લેવેન્ટ અલ્પોગે શુક્રવારે પોતાની વેબસાઇટ પર ચાર પાનાની સમજૂતી પોસ્ટ કરીને આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે તેમનું માનવું છે કે ક્લોડ સાથે કામ કરીને તેમણે 'રીમાન હાઇપોથીસિસ'ની સાબિતી શોધી કાઢી છે.

અલ્પોગે લખ્યું, તાજેતરના મહિનાઓમાં મેં અને ક્લોડે સાથે મળીને ઘણા વિશાળ વિષયો પર કામ કર્યું છે, પરંતુ આ વખતે અંતિમ તબક્કામાં ક્લોડ મારાથી ઘણું આગળ નીકળી ગયું. ના, ક્લોડ તો જાણે તે અંતિમ રેખા પાસે ઉડ્યું, નાચ્યું અને ઝળહળી ઉઠ્યું. ૧૮૫૯માં રજૂ કરાયેલ 'રીમાન હાઇપોથીસિસ' એવી અવિભાજ્ય સંખ્યાઓના વિતરણ પર કેન્દ્રીત છે જે માત્ર એક અને પોતાની જાત વડે જ ભાગી શકાય છે જે સંખ્યાઓ અનંત તરફ આગળ વધતી રહે છે. અલ્પોગે જણાવ્યું કે તેમને આ ઉકેલ રવિવારે મોડી રાત્રે મળ્યો હતો. તેમણે એન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમોડેઈને મેસેજ કરીને "જાહેરાત કરવાની મારી ક્ષમતા" વિશે પૂછ્યું હતું, કારણ કે સાન ફ્રાન્સિસ્કો સ્થિત આ કંપની શેરબજારમાં તેના પ્રવેશ સાથે મોટા સમાચાર બનાવવાની તૈયારીમાં હતી. કંપનીના ઇતિહાસના સૌથી મૂલ્યવાન ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ(IPO)ના એક દિવસ પછી, અલ્પોગે જાહેર કર્યું કે તેમણે ૧૫૦ વર્ષથી વધુ સમયથી વણઉકેલાયેલી રહેલી આ સમસ્યાનો ઉકેલ લાવી દીધો છે. અલ્પોગના આ દાવા પર ટિપ્પણી માંગતા એક મીડિયા ગૃહના ઈમેલનો એન્થ્રોપિકે કોઈ જવાબ આપ્યો ન હતો.

કેનેડાનમાં વોલમાર્ટ બહાર ગોળીબાર, ભારતીય મૂળના 2 યુવાનોની હત્યા

23 વર્ષીય યુવક અને 24 વર્ષીય યુવતીનાં મોત, સંગઠિત ગુનાખોરીની આશંકા

ઓટાવા, તા. 21 (પીટીઆઈ): કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના સરે શહેરમાં એક વોલમાર્ટ સ્ટોરની બહાર થયેલા જીવલેણ ગોળીબારમાં ભારતીય મૂળની બે વ્યક્તિઓની હત્યા કરવામાં આવી છે. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, આ ઘટના પૂર્વઆયોજિત (ટાર્ગેટેડ) હોવાનું અને સંગઠિત ગુનાખોરી સાથે જોડાયેલી હોવાનું માનવામાં આવે છે.

સીબીસી ન્યૂઝના અહેવાલ મુજબ, ઈન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ (આઈએચઆઈટી)એ જણાવ્યું હતું કે, 15 નવેમ્બરની રાત્રે વોલમાર્ટ સ્ટોરની બહાર થયેલા ગોળીબારમાં 23 વર્ષીય ગગનપ્રીત (ગેરી) રેહલ અને 24 વર્ષીય સુખજીત કૌરનો ભોગ લેવાયો હતો. બંનેનાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યાં હતાં.

બંને મૃતકો પડોશી ટાઉનશિપ ડેલ્ટામાં રહેતા હતા. રેહલ હથિયારો સંબંધિત ગુનાઓ બદલ પોલીસ ચોપડે જાણીતો હતો, જ્યારે કૌરના કેનેડામાં મર્યાદિત પરિચિતો હતા.

પોલીસને શંકા છે કે રાત્રે 10.51 વાગ્યે નજીકમાં કારમાં આગ લાગવાની નોંધાયેલી ઘટના આ ગોળીબાર સાથે જોડાયેલી છે. સળગી ગયેલું આ વાહન શંકાસ્પદ આરોપીઓનું હોવાનું માનવામાં આવે છે.

બુધવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં આઈએચઆઈટીએ જણાવ્યું હતું કે, આ ગોળીબાર ટાર્ગેટેડ હતો અને સંગઠિત ગુનાખોરી સાથે સંકળાયેલો હતો.

આઈએચઆઈટીના સાર્જન્ટ ફ્રેડા ફોંગે નિવેદનમાં જણાવ્યું હતું કે, "આ ગોળીબારની ઘટનાએ બે પરિવારોને શોકમાં ગરકાવ કરી દીધા છે, જેમણે ખૂબ જ નાની વયના સ્વજનોને ગુમાવ્યા છે."



મુંબઈમાં ગાર્ડનમાં ફોટો પાડતી વખતે કપલ સાથે મારપીટ

8 સગીર સામે FIR

મુંબઈ, તા. 21: મુંબઈના કુર્લામાં ફીનિક્સ મોલ પાસે આવેલા એક મ્યુનિસિપલ ગાર્ડનમાં એક યુવક અને તેની મહિલા મિત્ર સાથે મારપીટનો મામલો સામે આવ્યો છે. બંને ત્યાં ફોટો પાડી રહ્યા હતા, ત્યારે આઠ સગીરોએ તેમના પર હુમલો કરી દીધો હતો.

મહિલા મિત્ર સાથે પણ ઝપાઝપી કરવામાં આવી હતી. આ ઘટનાનો વીડિયો સ્થાનિક લોકોએ રેકોર્ડ કર્યો હતો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મુંબઈ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની પાંચ કલમો હેઠળ 8 સગીર છોકરાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. ફરિયાદીના જણાવ્યા અનુસાર, તે પોતાની મહિલા મિત્રને મળવા માટે ઘાટકોપર ગયો હતો. ઘટના સમયે બંને એક ગાર્ડનમાં ફોટો પાડી રહ્યા હતા. આ દરમિયાન યુવકોનું એક જૂથ તેની મિત્રને વારંવાર પરેશાન કરી રહ્યું હતું.

આરોપ છે કે છોકરાઓએ બંને સાથે ગાળાગાળી અને બોલાચાલી શરૂ કરી દીધી હતી. યુવકે તેનો વિરોધ કર્યો તો આરોપીઓએ તેના પર હુમલો કરી દીધો.

ફરિયાદીના જણાવ્યા મુજબ, આરોપીઓએ તેને લાત-ઘૂંસાથી માર માર્યો હતો. વીડિયોમાં આરોપી છોકરાઓ યુવક અને મહિલા પર લાકડી-દંડા વડે પણ હુમલો કરતાં જોવા મળ્યા હતા.

મધ્ય પેરુમાં 6.7ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ, કોઈ જાનહાનિ નહીં

લિમા, તા. 21 (એપી): મધ્ય પેરુની એન્ડીઝમાં શુક્રવારે 6.7ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જોકે તેમાં તાત્કાલિક કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

યુ.એસ. જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે, સ્થાનિક સમય અનુસાર સાંજે 7:09 વાગ્યે આ ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ એન્ડીઝ પર્વતમાળામાં જુનિનથી 34 કિલોમીટર (21 માઈલ) ઉત્તરે અને જમીનથી 108 કિલોમીટર (67 માઈલ)ની ઊંડાઈએ નોંધાયું હતું.

પેરુની જીઓફિઝિકલ ઈન્સ્ટિટ્યૂટે જણાવ્યું હતું કે, આ ઘટનામાં કોઈ નુકસાન કે જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી. ભૂકંપના કેન્દ્રબિંદુની નજીક આવેલા કારહુઆમાયોના મેયર અબ્દેલ વેગાએ પણ એક સ્થાનિક ટેલિવિઝન ચેનલને જણાવ્યું હતું કે, કોઈ જાનહાનિ કે માલમિલકતને નુકસાન થયું હોવાની કોઈ માહિતી મળી નથી.

આ ભૂકંપના આંચકા પેરુની રાજધાનીમાં પણ અનુભવાયા હતા, જેના કારણે ગભરાયેલા રહીશો રસ્તા પર દોડી આવ્યા હતા.

પેરુ 'રિંગ ઓફ ફાયર' પર આવેલું છે, જે પેસિફિક મહાસાગરના તટપ્રદેશની આસપાસ જ્વાળામુખીઓ અને ફોલ્ટ લાઈન્સનો 40,000 કિલોમીટર (25,000 માઈલ) લાંબો પટ્ટો છે, જ્યાં વિશ્વના મોટા ભાગના ભૂકંપ આવે છે.

વૈષ્ણોદેવી યાત્રામાં અત્યાર સુધીમાં 87 લાખ શ્રદ્ધાળુ

એક કરોડનો આંકડો પાર થવાની આશા

કટરા/જમ્મુ, તા. 21 (પીટીઆઈ): શ્રી માતા વૈષ્ણોદેવીની યાત્રામાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં અંદાજે 87 લાખ શ્રદ્ધાળુઓ નોંધાયા છે. યાત્રાળુઓના સતત વધી રહેલા પ્રવાહને જોતાં શ્રાઈન બોર્ડે આશા વ્યક્ત કરી છે કે, વર્ષના અંત સુધીમાં આ સંખ્યા એક કરોડના આંકડાને પાર કરી શકે છે.

શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) સચિન કુમારે આ પ્રોત્સાહક પ્રતિસાદનો શ્રેય સુવિધાઓ અને માળખાગત વિકાસમાં થયેલા સુધારાઓને આપ્યો છે. કુમારે જણાવ્યું હતું કે, રિયાસી જિલ્લામાં ત્રિકુટા પર્વત પર આવેલા આ પવિત્ર ધામની મુલાકાત લેતા શ્રદ્ધાળુઓના એકંદર અનુભવને બહેતર બનાવવા પર બોર્ડે સતત ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

દેશ-વિદેશથી આવતા શ્રદ્ધાળુઓના બેઝ કેમ્પ કટરા ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં કુમારે કહ્યું હતું કે, "અમારી સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે, અને દેશભરમાંથી તેમ જ વિદેશમાંથી આવતા યાત્રાળુઓને અમે પૂરી પાડીએ છીએ તે સુવિધાઓમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે. બોર્ડ તેમની સુવિધા માટે દરેક શક્ય પ્રયાસ કરી રહ્યું છે."

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે યાત્રાળુઓની સંખ્યા ઘણી વધારે રહી છે અને કુલ સંખ્યા 87 લાખની આસપાસ પહોંચી ગઈ છે. આ વર્ષે યાત્રાળુઓની સંખ્યા એક કરોડના આંકડાને પાર કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા કુમારે આશાવાદ વ્યક્ત કરતાં કહ્યું કે, યાત્રા હજી ચાલુ છે